**<u>નવી બાબત વર્ષ ૨૦૨૩-૨૪.</u>**

વિકસતી જાતિ કલ્યાણ અને અનુ.જાતિ કલ્યાણ હસ્તકની વિવિધ યોજનાઓનું ઇ-ગ્રામ કેંદ્રો સાથે જોડાણ કરવા બાબત

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,

ઠરાવ ક્રમાંક-SJED/MIS/e-file/17/2022/3179/A Section

સચિવાલય, ગાંધીનગર

તા. /૦૫/૨૦૨૩.

<u>વંચાણે લીધા:-</u>

(૧)નિયામકશ્રી,વિકસતી જાતિ કલ્યાણ નો તા.૩૧/૦૩/૨૦૨૩નો પત્ર ક્રમાંક:DDCW/0057/03 /2023

(૨)નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ નો તા.૨૯/૦૩/૨૦૨૩નો પત્ર ક્રમાંક:અજાક/મ/૧/૨૦૨૨-૨૩ /૧૪૬૩-૬૪

<u>આમુખ-</u>

સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના નિયંત્રણ હેઠળના પ્રભાગો દ્વારા વિવિધ કલ્યાણકારી યોજનાઓ અને સેવાઓ અમલમાં છે. આ યોજનાઓ અને સેવાઓના અમલીકરણ માટે એક સુનિશ્ચિત વ્યવસ્થાતંત્ર તાલુકા તથા જિલ્લા સ્તરે અમલમાં છે. આવી યોજનાઓ/સેવાઓનો લાભ તાલુકા અને જિલ્લા મથકેથી અરજદારોને મળી રહે છે. પરંતુ ગ્રામ્ય વિસ્તારના લાભાર્થીઓને તાલુકા અથવા જિલ્લા કક્ષાની કચેરીઓ સુધી આવવું પડે છે, જેથી ક્યારેક તેમની દૈનિક રોજગારી પર વિપરિત અસર પડે છે. ઉપરાંત, અરજદારો પાસે મોબાઇલની સુવિધા તેમજ પોતાના વિસ્તારમાં પુરતાં નેટવર્કના અભાવે સાયબર કાફેમાં ફોર્મ ભરવાનો વધુ ખર્ચ ભોગવવો પડે છે તેમજ આવવા-જવા માટે સમય વ્યર્થ થાય અને પરિવહન ખર્ચનો વધારાનો બોજો પડે છે. પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા ગ્રામ પંચાયતોની કામગીરીને ઇન્ફર્મેશન ટેકનોલોજીના માધ્યમથી અદ્યતન અને લોકોપયોગી બનાવવા માટે ઈ-ગ્રામ યોજના વર્ષ-૨૦૦૭-૦૮થી અમલમાં મુકવામાં આવેલ છે અને ઇ-ગ્રામ કેન્દ્રો મારફત રાજ્ય સરકારની વિવિધ ઇ-સેવાઓ પણ અમલમાં છે. રાજ્ય વહીવટમાં પારદર્શિતા વધે તેમજ પ્રજાની વ્યક્તિલક્ષી રજુઆતોના ઉકેલની ઝડપ વધે તે માટે ડિજિટલ ગુજરાત અંતર્ગત ડિજિટલ સેવા સેતુ કાર્યક્રમ પણ અમલમાં છે.

આ વિભાગના ત્રણ પ્રભાગો-વિકસતી જાતિ કલ્યાણ, અનુસૂચિત જાતિ કલ્યાણ અને સમાજ સુરક્ષા હસ્તકની તમામ યોજનાઓનો ઓનલાઇન અમલ કરવામાં આવે છે. જેમાં અરજદારો આવી યોજનાઓનો લાભ મેળવવા માટે સીધા ઓનલાઇન અરજી કરી ઘેરબેઠાં લાભ મેળવતા હોય છે. વિકસતી જાતિ અને અનુસૂચિત જાતિની યોજનાઓ હાલ ઇ-સમાજ કલ્યાણ અને ડિજિટલ ગુજરાત પોર્ટલ પર ઇ-સેવાઓ ઉપલબ્ધ છે. આવી સેવાઓનો અરજદાર ગ્રામ્ય કક્ષાએથી કોઇપણ પ્રકારની મુશ્કેલી વિના ઇ-ગ્રામ કેન્દ્રો મારફત લાભ લઇ શકે તે વધુ હિતાવહ છે.

જે ધ્યાને લઇ વંચાણે લીધેલ ક્રમાંક (૧) સામેના નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણના તા.૩૧/૦૩/૨૦૨૩ના પત્રથી વિ.જા.ક. પ્રભાગ હસ્તકની વિવિધ યોજનાઓનું ઈ-ગ્રામ કેન્દ્રો સાથે જોડાણ બાબતેની રૂ. ૪૦.૦૦ લાખની નવી બાબત તથા વંચાણે



eSign
Signed by: Kalpanaben Vipulkumar Rana
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 31-May-2023 (06:12 PM)
Open the document in Adobe Acrobat DC to verify the E-sign

લીધેલ ક્રમાંક (૨) સામેના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ કલ્યાણના તા.૨૯/૦૩/૨૦૨૩ના પત્રથી અ.જા.ક. પ્રભાગ હસ્તકની વિવિધ યોજનાઓનું ઈ-ગ્રામ કેન્દ્રો સાથે જોડાણ બાબતેની રૂ. ૨૭.૦૦ લાખની નવી બાબત(સને ૨૦૨૩-૨૦૨૪)ની વહીવટી મંજુરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાના અંતે નિયામક, વિકસતી જાતિ કલ્યાણ હસ્તકની નીચે મુજબની ૧૫ યોજનાઓ તથા નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકની નીચે મુજબની ૨૩ યોજનાઓનું ઈ-ગ્રામ કેન્દ્રો સાથે જોડાણ કરવા માટે અંદાજે કુલ ૩ લાખ ૩૫ હજાર અરજદારો (વિકસતી જાતિનાં ૨ લાખ અરજદારો અને અનુસૂચિત જાતિનાં ૧.૩૫ લાખ અરજદારો) માટે પ્રતિ અરજદાર દીઠ રૂ. ૨૦.૦૦ લેખે કુલ રૂ. ૬૭.૦૦ લાખ ( નિયામકશ્રી, વિ.જા.ક. -- રૂ. ૪૦.૦૦ લાખ તથા નિયામક, અ.જા.ક. -- રૂ. ૨૭.૦૦ લાખ)ની નવી બાબતને વર્ષ ૨૦૨૩-૨૪ માં નીચે જણાવેલ યોજનાઓ માટે ખર્ચ કરવાની વહીવટી મંજુરી નીચેની શરતોને આધિન આપવામાં આવે છે:

- નિયામક, વિકસતી જાતિ કલ્યાણ હેઠળની ૧૫ યોજનાઓ

૧. કોમર્શિયલ પાયલોટ તાલીમ યોજના

૨. વિદેશ અભ્યાસ લોન યોજના

૩. વર્ગ-૧,૨ અને ૩ની સ્પર્ધાત્મક પરીક્ષાની પૂર્વ તૈયારી માટેની કોચીંગ સહાય યોજના

૪. IIM, CEPT, NIFT, NLUની સ્પર્ધાત્મક પરીક્ષાની પૂર્વ તૈયારી માટેની કોચીંગ સહાય

૫. NEET, JEE, GUJCETની પૂર્વ તૈયારી માટેની કોચીંગ સહાય

૬. પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના

૭. માનવ ગરિમા યોજના

૮. સાતફેરા સમૂહ લગ્ન યોજના

૯. કુંવરબાઇનું મામેરું યોજના

૧૦. બેંકેબલ યોજના

૧૧. ડૉકટર/વકીલ લોન સહાય યોજના

૧૨. આદર્શ નિવાસી શાળામાં ઓનલાઇન પ્રવેશ

૧૩. સરકારી છાત્રાલયમાં ઓનલાઇન પ્રવેશ

૧૪. ભોજનબીલ સહાય

૧૫. ટ્યુશન સહાય

- નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ હેઠળની ૨૩ યોજનાઓ

૧. ડૉ.આંબેડકર આવાસ યોજના

૨. માનવ ગરિમા યોજના

૩. કુંવરબાઈનું મામેરૂ

૪. વ્યવસાયનું સ્થળ/દુકાન ખરીદવા માટેની લોન (દુકાન સહાય યોજના)

૫. કોમર્શિયલ પાયલોટ તાલીમ લાયસન્સ માટે લોન યોજના

eSign
Signed by: Kalpanaben Vipulkumar Rana
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 31-May-2023 (06:12 PM)
File No: SJED/MIS/e-file/17/2022/3179/A Section
Approved By: R. J. Kharadi(DS,A Section,SJED)
Open the document in Adobe Acrobat DC to verify the E-sign

૬. ડૉ. બાબાસાહેબ આંબેડકર સ્કોલરશીપ લોન યોજના (વિદેશ અભ્યાસ)

૭. ડૉ. સવિતાબેન આંબેડકર આંતજ્ઞાતિય લગ્ન સહાય યોજના

૮. ડૉ. પી.જી. સોલંકી અનુસૂચિત જાતિના કાયદા સ્નાતકોને નાણાંકિય લોન/સહાય યોજના

૯. ડૉ. પી.જી.સોલંકી અનુસૂચિત જાતિના તબીબી સ્નાતક કક્ષાના ડૉક્ટરોને લોન/સહાય યોજના

૧૦.ડૉ.પી.જી.સોલંકી અનુસૂચિત જાતિના કાયદા સ્નાતકોને નાણાંકીય સહાય યોજના(સ્ટાઈપેન્ડ)

૧૧.અનુસૂચિત જાતિના ખેડૂતોને ખેતીની જમીન ખરીદવા માટે નાણાંકીય સહાય યોજના

૧૨.ડૉ.પી.જી.સોલંકી અનુસૂચિત જાતિના તબીબી અનુસ્નાતક કક્ષાના ડૉક્ટરોને લોન/સહાય યોજના

૧૩. માઈ રમાબાઈ સાત ફેરા સમૂહલગ્ન યોજના

૧૪. સરકારી છાત્રાલય ઓનલાઇન પ્રવેશ

૧૫. આદર્શ નિવાસી શાળા ઓનલાઈન પ્રવેશ

૧૬. અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ભારત સરકારે પોસ્ટ-SSC શિષ્યવૃત્તિ

૧૭. કોલેજ સંલગ્ન છાત્રાલયમાં રહી અભ્યાસ કરતા અનુસૂચિત
જાતિના વિદ્યાર્થીઓને ફૂડબિલ સહાય

૧૮.મહારાજા સયાજીરાવ ગાયકવાડ m.phil & Ph.D ના વિદ્યાર્થીઓને મહાનિબંધ માટે સહાય

૧૯.મેડિકલ, એન્જીનીયરીંગ અને ડિપ્લોમામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સાધન ખરીદવા સહાય

૨૦. યાંત્રિક અને ITI માં વ્યવસાયિક અભ્યાસ માટે સ્ટાઈપેન્ડ

૨૧. વધુ આવક ધરાવતાં કુટુંબની અનુસૂચિત જાતિની વિદ્યાર્થીનીઓને રાજ્ય સરકારની પોસ્ટ SSC શિષ્યવૃત્તિ

૨૨. ધોરણ ૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ખાનગી ટ્યુશન સહાય

૨૩. અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને વિનામૂલ્યે ટેબ્લેટ

**શરતો:**

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ના નાણાકીય વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને અધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

eSign
Signed by: Kalpanaben Vipulkumar Rana
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 31-May-2023 (06:12 PM)



Open the document in Adobe Acrobat DC to verify the E-sign

(૭) પ્રવર્તમાન યોજનાના નોમ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશ મેળવી લેવાના રહેશે.

(૮) મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવવાની પૂરતી તકેદારી રાખવાની રહેશે.

(૯) આ યોજના હેઠ્ળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઇની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઇપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી વિભાગે રાખવાની રહેશે.

(૧૦) પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.

(૧૧) ઓનલાઇન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.

(૧૨) સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પધ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી ના વાંધા પ્રમાણ પત્ર (No Objection Certificate) મેળવ્યા પછીજ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.સાધન/ કીટની ગુણવતા સુનિશ્ચિત કરવાની રહેશે.

(૧૪) નાણાકિય સહાય નિયત કરેલ સમયાંતરે DBT પધ્ધતિથી જ આપવાની રહેશે.

(૧૫) આ યોજનાને DBT Portal ઉપર ફરજીયાત નોંધવાની રહેશે.

(૧૬) C.M Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.

(૧૭) યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

(૧૮) Social Audit અને Third party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.

(૧૯) યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(૨૦) કેન્દ્ર સહાયિત યોજનામાં ફંડ કેન્દ્ર સરકાર ફાળવે તે મુજબ જ યોજનાકીય લાભ લાભાર્થીને આપવાનો રહેશે.

(૨૧) સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

(૨૨) પ્રસ્તાવિત રકમ પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ હેઠળની વિકાસ કમિશ્નર કચેરીની તાબા હેઠળની ઇ-ગ્રામ વિશ્વગ્રામ સોસાયટી હસ્તક મુકવામાં આવશે અને ત્યારબાદ તેનો ખર્ચ કરવામાં આવશે.

(૨૩) નિયામકશ્રી (વિકસતી જાતિ કલ્યાણ) અને નિયામકશ્રી (અનુસૂચિત જાતિ કલ્યાણ) દ્વારા લાભાર્થીઓની વાર્ષિક ભૌતિક ચકાસણી કરવા અંગે તેમજ ઇ-ગ્રામ સેવા આ હેતુ માટે ઉપયોગમાં લેવા અંગેની SOP (Standard Operating Procedure) તૈયાર કરી વિભાગ કક્ષાએ મંજુર કરાવવાની રહેશે.

eSign
Signed by: Kalpanaben Vipulkumar Rana
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 31-May-2023 (06:12 PM)


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

આ અંગેનો ખર્ચ નીચે મુજબના સદરે કરવાનો રહેશે

નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની ૪૦.૦૦ લાખની નવી બાબતના સદરની વિગતો:

| | |
|---|---|
| માંગણી નંબર | ૯૨ |
| સેક્ટર | ખ- સામાજિક સેવાઓ |
| સબ સેકટર | અનુ.જાતિ/જનજાતિઓ અન્ય પછાતવર્ગોનું કલ્યાણ |
| મુખ્યસદર | ૨૨૨૫ અનુ.જાતિ/જનજાતિઓ અને અન્ય પછાત વર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ |
| ગૌણસદર | નિર્દેશ અને વહીવટ |
| પેટાસદર | ઓ.બી.સી-૧૮ તમામ કક્ષાએ વહીવટી તંત્રને સંગીન બનાવવું |

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની ૨૭.૦૦ લાખની નવી બાબતના સદરની વિગતો:

| | |
|---|---|
| માંગણી નંબર | ૯૫ |
| સેક્ટર | ખ- સામાજિક સેવાઓ |
| સબ સેકટર | અનુ.જાતિ/જનજાતિઓ અન્ય પછાતવર્ગોનું કલ્યાણ |
| મુખ્યસદર | ૨૨૨૫ અનુ.જાતિ/જનજાતિઓ અને અન્ય પછાત વર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ |
| ગૌણસદર | નિર્દેશ અને વહીવટ |
| પેટાસદર | SCW-23 તમામ કક્ષાએ વહીવટી તંત્રને સંગીન બનાવવું |

આ મંજૂરી આ વિભાગની સરખા ક્રમાંકની ઇ-ફાઈલ પર નાણાં વિભાગની તા. ૧૯/૦૫/૨૦૨૩ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: Kalpanaben Vipulkumar Rana
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 31-May-2023 (06:12 PM)

( કલ્પના રાણા )

ઉપ સચિવ,

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી, (સા.ન્યા)નાં અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી,વિકસતી જાતિ કલ્યાણ, બ્લોક નં-૪/૩જો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
- નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ, બ્લોક નં-૪/૨જો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી,ગાંધીનગર.
- તિજોતી અધિકારીશ્રી ,ગાંધીનગર.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (નિયામકશ્રી (વિ.જા.ક.) અને નિયામકશ્રી (અ.જા.ક.) મારફ્તે) .
- અ શાખા/બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી (કમ્પ્યુટર શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. .
- શાખા સિલેક્ટ ફાઇલ.
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઈલ.